# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT MAGFALI

મગફળીના વાવેતર અને ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે સૌથી વધુ 22 લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીના વાવેતર અને દેશના અંદાજીત કુલ ઉત્પાદનમાં 50 ટકા ફાળા સાથે રાજ્ય અગ્રેસર છે. તેમણે જણાવ્યું કે આ વર્ષે મગફળીના સામાન્ય વાવેતર વિસ્તારની સરખામણીએ 25 ટકાના વધારા સાથે રાજ્યમાં અત્યાર સુધીનું સૌથી વધુ મગફળીનું વાવેતર થયું છે. આ વર્ષે રાજયનું મગફળી ઉત્પાદન વર્ષ 2017-19ની સરખામણીએ ત્રણ ગણા વધારા સાથે રાજ્યના ઇતિહાસનું સૌથી વધુ 66 લાખ મેટ્રિક ટન થવાનો પ્રાથમિક અંદાજ છે.

. . . . . . . . . . .

# GST - STATIONARY BYTE

**વસ્તુ અને સેવા કર- GST પરિષદે કરમાળખામાં જાહેર કરેલા ફેરફારને સમગ્ર દેશમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે સ્ટેશનરીની ચીજવસ્તુઓને GST દરમાંથી મુક્તિ આપીને શિક્ષણ ક્ષેત્ર માટે મોટી રાહતની જાહેરાત કરી છે. આ નવા સુધારા હેઠળ પેન્સિલ, સંચા, ચિત્રકામ માટે ઉપયોગમાં લેવાતી મિણની પેન્સિલ, નકશા જેવી વસ્તુઓને અગાઉના 12 ટકા GSTમાંથી મુક્તિ અપાઈ છે. જ્યારે રબર પર GST પાંચ ટકાથી ઘટાડીને શૂન્ય કર્યો છે.**

**આ સુધારા અંગે ઉદ્યોગસાહસિક અને સ્ટેશનરી ઉત્પાદક ઉજાસ ખુંટે પ્રતિક્રિયા આપી.**

(BYTE: UJAS KHUNT, ENTREPRENEUR STATIONARY MANUFACTURER)

. . . . . . . . . . .

# CM BANASKANTHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઈકાલથી બનાસકાંઠામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત સરહદી ગામોની મુલાકાતે છે. આજે તેમણે વાવ તાલુકાના માડકા ગામના સ્થાનિકો સાથે સંવાદ કર્યો. સ્થાનિકોએ તેમની મુશ્કેલીઓ અંગે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. તેમજ વહીવટી તંત્ર દ્વારા આવી સ્થિતિમાં કરાયેલી સેવાઓ બદલ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો.

. . . . . . . . . . .

# RUSHIKESH PATEL MEETING

આગામી 17 સપ્ટેમ્બરે શરૂ થનારા દેશવ્યાપી “સ્વસ્થ નારી, સશક્ત પરિવાર” અભિયાનની પૂર્વ તૈયારી અંગે ગાંધીનગરમાં આજે બેઠક યોજાઈ. તેમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આરોગ્ય, મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા આગામી બીજી ઑક્ટોબર સુધી આ અભિયાન ચાલશે. તે અંતર્ગત રાજ્યની સાત હજાર 700થી વધુ જગ્યાએ આરોગ્ય શિબિર યોજાશે.

આ શિબિર દરમિયાન ગર્ભાશયના મુખના કર્કરોગ અને સ્તનના કર્કરોગની તપાસ, અંગદાન અને રક્તદાન અંગે લોકોને જાગૃત કરાશે. તેમજ સાર્વત્રિક રસીકરણ જેવા કાર્યક્રમ હાથ ધરાશે.

. . . . . . . . . . .

# DWARKA DEMOLITION

દેવભૂમિદ્વારકા જિલ્લામાં સરકાર હસ્તકની જગ્યાઓ પર ગેરકાયદે દબાણ હટાવવાનું કામ ચાલી રહ્યું છે. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે, પેટા વિભાગીય મૅજિસ્ટ્રેટ – SDM, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક-DySP સહિત મોટી સંખ્યામાં પોલીસ જવાનોની હાજરીમાં દ્વારકા—પોરબંદર ધોરીમાર્ગને અડીને આવેલા હાથીગૅટની સામે આ ગેરકાયદે દબાણ હટાવવાનું શરૂ કરાયું છે.

. . . . . . . . . . .

# BHAVNAGAR TRAIN

ભાવનગર—પોરબંદર દૈનિક પેસેન્જર ટ્રૅનને ખોડિયાર મંદિર મથક પર અપાયેલા ઠેરાવ એટલે કે, સ્ટૉપેજનો પ્રારંભ થઈ ગયો છે. હવે ભાવનગર ટર્મિનસ—પોરબંદર દૈનિક પેસેન્જર ટ્રૅનનું બપોરે ત્રણ વાગ્યેને 20 મિનિટે મથક પર આગમન થશે. જ્યારે પોરબંદર—ભાવનગર ટર્મિનસ દૈનિક

પેસેન્જર ટ્રેન બપોરે એક વાગ્યેને 24 મિનિટે આવશે એમ ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ જણાવ્યું.

. . . . . . . . . . .

## MEHSANA HANDBALL

મહેસાણા જિલ્લાના કડીની પી.એમ.જી ઠાકર આદર્શ હાઈસ્કૂલના બે વિદ્યાર્થીની ભારતીય હેન્ડબોલ ટીમમાં પસંદગી થઈ છે. શાળાના વિદ્યાર્થીઓ જેમીન વિહોલ અને ચિરાગ પ્રજાપતિ આગામી પ્રથમ એશિયન હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. તેઓ 14 સપ્ટેમ્બરથી 25 સપ્ટેમ્બર દરમિયાન જોર્ડનમાં યોજાનારી સ્પર્ધામાં ભાગ લેશે.

. . . . . . . . . . .

## DANG KRUMINASHAK DIVAS

ડાંગ જિલ્લામાં આજે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ મનાવાયો. દરમિયાન જિલ્લાના 311 ગામમાં આંગણવાડીએ જતા બાળકો અને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાએ જતા એકથી 19 વર્ષની વયજૂથના દરેક બાળકને કૃમિનાશકની ગોળી ખવડાવવાનું કામ કરાયું.

જિલ્લાના તમામ બાળકોને આવરી લેવા આરોગ્ય વિભાગ, સંકલિત બાળવિકાસ સેવાઓ-ICDS વિભાગ તથા શિક્ષણ વિભાગના સંયુક્ત પ્રયાસથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની 10 તબીબી ટુકડી તથા પેટા આરોગ્ય કેન્દ્રના

આરોગ્ય કાર્યકર્તાઓની 71 ટુકડી દ્વારા આ કામ હાથ ધરાયું એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .